**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : દ્વિતીય ખંડ

## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૨૧ ફેબ્રુઆરી, ૧૯૯૯ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચે આપેલ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈપણ ત્રણ વિષે મુદ્દાસર નોંધ લખો.** ૧૮

૧. હરિજનની સર્વક્રિયા ભક્તિરૂપ છે.
૨. દરિદ્રીનું દૃષ્ટાંત અને હાર્દ.
૩. પાતાળ સુધી પૃથ્વી ફાટ્યાનું.
૪. કારણ શરીર ટાળવાનો ઉપાય દૃષ્ટાંત સાથે સમજાવો.
૫. પાકા સત્સંગીનાં ત્રણ લક્ષણો

**(બ) નીચેનાં વાક્યોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. 'અને ભગવાનનાં જે ............. યશ ને જ સાંભળે.'
૨. 'માટે જે સ્વરૂપનિષ્ઠા ............... દૃઢ પણે રહેશે.'
૩. 'અમારો તો એ જ ઈશક ........... ખંડન થવા દેવી નહીં.'
૪. 'ચાર વેદ પુરાણ ............. પરમ કલ્યાણ છે.'
૫. 'અને જેને નિષ્કામી ............. સેવા ગમે છે.'

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના વચનામૃતના આધારે ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** ૪

૧. આત્મનિષ્ઠા
૨. વિષય પરાભવથી બચવાનો ઉપાય

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના એક એક વાક્યમાં જવાબ આપો.** ૬

૧. જીવ ક્યાં અટકે છે ?
૨. ખીજડા જેવા કોણ છે ? આંબા જેવા કોણ છે ?
૩. સાધુમાં જોડાયો હોય તે કેમ જણાય ?
૪. ટાઢું ક્યારે થાય ?
૫. મનુષ્યભાવ આવવાના ચાર કારણો કયા છે ?
૬. સત્પુરુષનો સંગ મને કરીને કેવી રીતે થાય ?

**(બ) નીચેનાં વાક્યોની કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને ખાલી જગ્યાની પૂર્તિ કરો.** ૭

૧. જેમ જેમ ..................... થતું જાય, તેમ તેમ મહિમા મહિમા સમજાતો થાય. (જ્ઞાન, ધ્યાન, નિદિધ્યાસન)
૨. જ્યાં સુધી ..................... છે, ત્યાં સુધી આ વાત સમજાય નહીં. (મનુષ્યભાવ, મોહ, વાસના)
૩. આમને આમ સંપ રાખશો તો ..................... તે પણ પરાભવ નહીં કરી શકે. (અંતઃશત્રુ, કુસંપ, કુસંગ)
૪. જ્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો નથી, ત્યાં સુધી ........................ તે રૂપ થઈ જવાય છે. (મોહ-સ્વભાવ, લોક-ભોગ-દેહ, રજોગુણ-તમોગુણ-સત્ત્વગુણ)
૫. મહારાજ તો કારણ શરીર ટાળવા સારુ ..................... ને નિયમ અક્ષરધામમાંથી લઈને પધાર્યા છે. (સાધુ, ઐશ્વર્ય, અક્ષરબ્રહ્મ)
૬. બાર ગુણે જુક્ત બ્રાહ્મણ હોય, ને તેને જો પ્રત્યક્ષ ભગવાનને સાથે ઓળખાણ ન હોય તો તે કરતાં ભગવાનનો ભક્ત ................... હોય તે શ્રેષ્ઠ છે. (ગરીબ, શ્વપચ, વાસનાવાળા)
૭. ..................... તો બાંધે તેવા છે પણ જ્યાં સુધી મોહ છે, ત્યાં સુધી જણાય નહીં. (સ્વભાવ, અંતશત્રુ, વિષય)

**(ક) અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચેનામાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત નોંધ લખો.** ૧૦

૧. સરળ દૃષ્ટાંતો દ્વારા સિદ્ધાંતો સમજાવવાની કુશળતા.
૨. સુખ-શાંતિનો ઉપાય.
૩. અક્ષરધામની સર્વોપરીતા : અન્ય ધામોની અપેક્ષાએ

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. કચ્છનો સત્સંગ
૨. અનાસક્ત વર્ણીરાજ નીલકંઠ
૩. સમાધિ પ્રકરણ : શ્રીજીમહારાજની સર્વોપરીતાનું આગવું લક્ષણ

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૦

૧. રામાનંદ સ્વામી દ્વારા નીલકંઠનો મહિમા.
૨. સુવાસિની ભાભી અને ભક્તિમાતાની ઘનશ્યામ પ્રત્યેની ભક્તિ.
૩. શ્રીહરિએ ફણેણીમાં સંબોધેલી પ્રથમ ધર્મસભા.
૪. મુક્તાનંદ સ્વામીને કાલવાણીમાં પ્રતીતિ.